# Economic Times (Gujarati)

## JK Paper Q1 net profit jumps over two-fold to Rs 60 cr

**Date: 02/08/2017 | Edition: Ahmedabad | Page: 3 | Source: Bureau | Clip size (cm): W: 7 H: 4**






## જેકે પેપરનો નફો બે ગણા કરતાં વધારે ઊછળીને ₹60 કરોડ

**નવી દિલ્હી:** જેકે પેપરે જૂન ૨૦૧૭માં પૂરા થયેલા ક્વાર્ટર માટે બે ગણા કરતાં વધારે મોટા જંગી વધારા સાથે ₹૬૦.૧૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૨૬.૬૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો તેમ કંપનીએ બીએસઈ ફાઈલિંગમાં જણાવ્યું હતું. કંપનીની કુલ આવક ૪.૭૫ ટકા વધીને ₹૬૭૧.૭૭ કરોડ નોંધાઈ હતી, જે આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૬૪૧.૨૫ કરોડ નોંધાઈ હતી. મંગળવારે બીએસઈ પર કંપનીનો શેર ૨.૧૭ ટકા ગગડીને છેલ્લે ₹૯૪.૮૫ બંધ નોંધાયો હતો.